**જન્મદિને વધામણી**



વૈદેહી રીકીન સોની



અંશ અમિતભાઈ પ્રજાપતિ
મો. ૯૯૯૮૭ ૭૫૭૭૩

### ખેલો ઈન્ડિયા અંતર્ગત દિવ્યાંગ વ્યક્તિઓની રાજ્યકક્ષાની સ્પર્ધામાં

# ગાંધીનગરના રમતવીરોએ ૧૦ મેડલ પ્રાપ્ત કર્યા




ખેલો ઈન્ડિયા અંતર્ગત દિવ્યાંગ વ્યક્તિઓની રાજ્યકક્ષાની સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી, જેમાં ગાંધીનગરના ૧૬ દિવ્યાંગ રમતવીરોએ ભાગ લઈને ૧૦ મેડલ પ્રાપ્ત કર્યા હતા. આ મેડલમાં બે ગોલ્ડ, ૪ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.



ગાંધીનગરની ટીમમાંથી રમેશભાઈ દેસાઈ, ભોળાભાઈ૫ ટેલ અને અજિતસિંહ રાઠોડે ઓફિશિયલ તરીકે પોતાની સેવાઓ આપી હતી. સ્પેશિયલ ઑલિમ્પિક્સના ગ્રોથ ઍન્ડ ડેવલપમૅન્ટ મૅનેજર જિજ્ઞેશ રાવલ દ્વારા આ ટીમનું નેતૃત્વ કરવામાં આવ્યું હતું.

# જસ્ટીસ જૂવેનાઈલ એક્ટ-૨૦૧૫ અંગે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો




## સમાજના ઉત્થાન માટેનાં કાર્યોમાં હંમેશા સરકાર તરફથી હકારાત્મક અભિગમ અપનાવાશે : મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર

ગાંધીનગર, તા. ૮

ગુનાના ક્ષેત્રમાં બાળકોનો પ્રવેશ શા માટે થાય છે અને તેને કંઈ રીતે ડામી શકાય તથા ગુનાહીત માનસ ધરાવતા બાળકોને સુધારીને કઈ રીતે સમાજના સભ્ય નાગરિક બનાવી શકાય તે અંગેના એક દિવસીય ઓરીએન્ટેશન કાર્યક્રમનું આજે અમદાવાદ એ.એમ.એ. ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

ડિસ્ટ્રીક્ટ ચાઈલ્ડ પ્રોટેકશન યુનિટ અમદાવાદના સહયોગથી અમદાવાદ બાળ સંરક્ષણ ગૃહ દ્વારા યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રીએ પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું કે, અમદાવાદ બાળ સંરક્ષણ ગૃહ બાળકોને યોગ્ય, સતત અને સાચી દીશામાં માર્ગદર્શન આપતી સંસ્થા છે. સમાજના ઘડતરમાં આ પ્રકારની સંસ્થાઓ દેશ હીતનું કાર્ય કરી સભ્ય સમાજના નિર્માણમાં અતિ મહત્વનું યોગદાન આપે છે.

બાળકોના જતન થકી સાચી સેવા કરનાર આ સંસ્થા અને સંસ્થા સાથે જોડાયેલા તમામ લોકોને મંત્રીશ્રીએ શુભેચ્છા આપી હતી અને સમાજના ઉત્થાન માટેના આ પ્રકારના કાર્યોમાં હંમેશા પોતાના તરફથી અને સરકાર તરફથી હકારાત્મક અભિગમ અપનાવાશે જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત અમદાવાદ પોલીસ કમિશ્નરશ્રી એ.કે.સીંઘે કાર્યક્રમમાં ઉપસ્થિત અમદાવાદ શહેરના તમામ પોલીસ સ્ટેશનના પી.આઈ. તથા પોલીસ અધિકારીઓને જુવેનાઈલ એક્ટ-૨૦૧૫ સંદર્ભની કેટલીક જટીલ વાતોને સરળતાથી સમજાવી હતી. ઉપરાંત ગુનેગાર બાળકો સાથે કેવો વ્યવહાર કરવો, અસુરક્ષીત વાતાવરણમાં રહી ગુનો કરવા તરફ વળતા બાળકોને કેવી રીતે સુરક્ષીત વાતાવરણ પૂરૂ પાડવું અને સમાજમાં બાળકોમાં ઘર કરી ગયેલા પોલીસનો ખોટો ભય કેવી રીતે દૂર કરવો તે અંગેની જાણકારી પણ આપી હતી. તેમણે વધુમાં પોલીસ સ્ટેશનને ઘરનો દરજ્જો આપી સુંદર ઘર કેવી રીતે બનાવી શકાય તે અંગે ગંભીરતાથી વિચારવા ઉપસ્થિત પોલીસ અધિકારીઓને સૂચન કર્યું હતું. વક્તવ્ય દરમ્યાન પોલીસ કમિશ્નરશ્રીએ જૂવેનાઈલ એક્ટ – ૨૦૧૫ અને પોક્સો એક્ટના કેટલાક મહત્વના પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો. આ એક દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમમાં બાળ આયોગના ચેરમેન શ્રીમતી જાગૃતિબેન પંડ્યા, અમદાવાદ બાળ સંરક્ષણ ગૃહના પ્રમુખ સી.કે.પટેલ, સંસ્થાના એક્ઝીક્યુટીવ મેમ્બર શાંતિભાઈ, સ્પેશિયલ જૂવેનાઈલમાં કાર્યરત પોલીસના અધિકારીશ્રીઓ તેમજ પોલીસ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના જન્મદિન નિમિત્તે

# ધોળકામાં યોજાઈ રક્તદાન શિબિર







ગાંધીનગર, તા. ૮

પોતાના જન્મદિવસની ઉજવણી નિમિત્તે રક્તદાન જેવા લોકકલ્યાણકારી કાર્યક્રમનું આયોજન થાય આથી વધુ સારી જન્મદિનની ઉજવણી શું હોઈ શકે?

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના આજે તા. ૮મી મેના રોજ ૬૯માં જન્મદિવસની ઉજવણી નિમિત્તે ધોળકા ખાતે કેડીલા ફાર્મસી અને કલિકુંડ પાર્શ્વનાથ હોસ્પિટલ ખાતે રક્તદાન શિબિરનુ ભવ્ય આયોજન કરાયું હતું. આ અવસર નિમિત્તે શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કલિકુંડ હોસ્પિટલ, ધોળકા ખાતે તૈયાર કરાયેલ નવનિર્મિત સીટી સ્કેન સેન્ટર, ડાયાલિસિસ સેન્ટર વગેરેનું લોકાર્પણ પણ કર્યું હતું. આ સુવિધાના કારણે ધોળકા અને બાવળા તાલુકાના ગામોની આરોગ્ય સુવિધામાં વધારો થશે. આ રક્તદાન શિબિરમાં દિવસ દરમિયાન ૧૦૦૦થી વધુ રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું.

આ પ્રસંગે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રક્તદાનને રાષ્ટ્રીય કાર્ય લેખાવતા જણાવ્યું હતું કે, મારા જન્મદિવસની ઉજવણી નિમિત્તે આવો સરસ, લોકકલ્યાણકારી કાર્યક્રમ યોજાય એ મારા જન્મદિનની ઉજવણીની સાર્થકતા છે. તેમણે જણાવ્યું હતું કે, મારી ૬૮ વર્ષની ઉંમરમાં ૫૧ થી વધુ વખત રક્તદાન કરી અનેક વ્યક્તિઓનું જીવન બચાવવાનું નિમિત્ત બનવાનો ઈશ્વરે મને અવસર આપ્યો છે, તે મારું સદનસીબ છે.

રેડક્રોસ સોસાયટી, અમદાવાદ અને કેડીલા ફાર્મસી અને કલિકુંડ હોસ્પિટલે રક્તદાન શિબિરના કરેલા આયોજન બદલ શ્રી ચુડાસમાએ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ શિબિરમાં અનેક મુસ્લિમભાઈઓએ પણ રક્તદાન કર્યું હતું.

ધોળકા શહેર, ઈંગોલી, ભેટાવાડા, ત્રાસદ, કેડીલા ફાર્મસીનો સ્ટાફ, વિન્ટેક્ષ, ચિરીપાલ, કોન્કર્ડ, જીમાટેક્સ જેવી સંસ્થાઓ અને ગામના યુવાનોએ રક્તદાન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ શિબિરમાં એકત્રિત રક્તથી ૨૦૦૦થી વધુ દર્દીઓના જીવનને બચાવી શકાશે. ૧ વ્યક્તિના રક્તદાનથી ૧૦૦૦ વ્યક્તિનું જીવન બચાવી શકાય છે.

આજે ધોળકા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપરાંત સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, કલિકુંડ મંદિરના શ્રી કુમારપાળ શાહ, ધોળકા તાલુકાના પદાધિકારીઓ, પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વૃધ્ધાઓને અનાજસહાય





સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર ગાંધીનગર શહેરની સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા રવિવારે સુનોક, ગડાદર તથા ખારી મુકામેકુલ ૯ ગામોનાં ૧૦૫ વૃધ્ધ મહિલાઓને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી આ સેવાકાર્યમાં નિલેન્દુ વોરા, કમલેશ રાવળ તથા મિલિન્દ ગુપ્તે જોડાયા હતા.

## બેલ્ટ રેસલીંગ ફેડરેશનના બોર્ડ મેમ્બર તરીકે દિવ્યેશ ગોહિલ બિનહરીફ



ગાંધીનગર, તા. ૮

બેલ્ટ રેસલીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાની વાર્ષિક સાધારણ સભા તથા હોદ્દેદારોની ચુટણી તા.૦૪/૦૫/૨૦૧૭ના રોજ મહારાષ્ટ્ર રાજ્યના બાલેવાડી પુના ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાતના પ્રમુખ શ્રી દિવ્યેશ ગોહીલ બીન હરીફ બોર્ડ મેમ્બર તરીકે નિમણુક પામ્યા હતા. તેઓને એસોસીએશનના મંત્રીશ્રી ધર્મેશ પરમાર, ખચાનજી આનંદ કાપડિયા તથા એસોસીએશનના હોદ્દેદારો તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સંબંધોમાથી જો કંઈ જ ના શીખી શકીએ તો એ આપણી કમનસીબી છે



શ્રીમદ ભાગવત અને મહાભારતની કથા અનુસાર શ્રીકૃષ્ણનાં સાથેના સંબંધો થકી કેટલીયે વ્યક્તિઓ જીવનમાં ઘણું શીખી અને શ્રીકૃણા પાસે થી જે કઈ શીખ્યા અને જે લોકોએ એ શીખ જીવનમાં ઉતારી તેઓ ધન્ય થઈ ગયા. એમાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે અર્જુનનું. મહાભારતના યુધ્ધ સમયે અર્જુને શ્રીકૃષ્ણ પાસેથી ગીતાજ્ઞાન લીધું અને તેનો વિષાદયોગમાથી મોક્ષ થયો.

શ્રીમદ ભાગવતમાં શ્રીકૃષ્ણને મુખેથી ગુરુ દત્તાત્રેયની કથા કહેવાઈ છે જેમાં શ્રી દત્તાત્રેયનાં ચોવીસ ગુરુઓ વિષેનું પણ વિવરણ છે. શ્રી ગુરુ દત્તાત્રેય પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્રમા, સૂરિ, કબૂતર, અજગર, સાગર, પતંગિયુ, મધુકર( ભમરો અને મધમાખી ), હાથી, મધુહારી ( મધનો સંગર કરનારી), હરણ, માછલી, પિંગલા વેશ્યા, ગીધ, બાળક, કુંવારી કન્યા, બાણ બનાવનાર, સાપ, કરોડિયો અને ભૃંગી કીટ આ ચોવીસે ચોવીસ પાસેથી કઈક ને કઈક શીખ્યા હતા, પોતે જે કઈ શીખ્યા હતા એ શીખ પોતાના જીવનમાં પણ ઉતારી હતી અને તેથી જ તેઓને ગુરુ માન્યા હતા.

આપણે પણ રોજ-બ-રોજના વ્યવહારમાં કેટલીયે વ્યક્તિઓ સાથે સંપર્કમાં આવીએ છીએ. તેમાયે ખાસ કરીને આપણાં સંબંધીઓ, કુટુંબીજનો, મિત્રો અને પ્રિયજનો સાથે. આપણે પણ આપણાં સામાજિક, કૌટુંબિક, વ્યાવહારિક કે અંગત એમ દરેક પ્રકારના સંબંધોમાંથી કઈક ને કઈક શીખતા હોઈએ છીએ. ભલે ગુરુશ્રી દત્તાત્રેયની જેમ આપણે એ સૌને ગુરુ તરીકે પ્રસ્થાપિત ના કરીએ પણ તેઓની પાસેથી જીવન ઉપયોગી કઈક શીખીને જીવનમાં ઉતારતા હોઈએ છીએ.

આપણે જે કોઈ સંબંધો બાંધીએ છીએ કે વિકસાવીએ છીએ તેની પાછળ કેટલાક કારણો હોય છે, કેટલાક હેતુઓ હોય છે. આપણાં સંબંધો વિકસાવવાના જે કઈ હેતુ હોય પણ એક હેતુ તો કાયમ રહેતો હોય છે અને એ હેતુ સંબંધોમાંથી અને સંબંધીઓ પાસેથી કશુંક શીખવાનો અને કઈક પામવાનો. સંબંધો લાંબા સમયના હોય કે ટૂંકા સમયના પણ તેમાથી કઈક ને કઈક શીખી શકીએ છીએ. સંબંધોમાથી કઈક શીખવાને અને સંબંધોની અવધિને કઈ જ લેવાદેવા નથી. ટૂંક સમય માટે બંધાયેલા સંબંધોમાથી પણ શીખવાની તક આપણે જતી નથી કરતાં. અને જે કઈ મળ્યું તેને પામવા પ્રયત્ન કરતાં હોઈએ છીએ.

વ્યક્તિ પોતાના જીવન દરમિયાન કેટલીક વ્યક્તિઓને ગુરુ તરીકે પણ સ્થાપિત કરતી હોય છે અને તેની પાસેથી જીવનભર શીખવાનો પ્રયત્ન કરતી રહે છે. સંબંધો પણ ગુરુ જેવા હોય છે. કોઈપણ પ્રકારના સંબંધો આપણાં ગુરુ બની શકે છે. ઔપચારિકે રીતે એ સંબંધીઓને ગુરુ તરીકે સ્થાપિત કરવાની જરૂર પણ નથી રહેતી.




કોઈપણ જાતના ઔપચારિક સ્થાપન વિના પણ આપણાં સંબંધો ગુરુ તરીકે સાબિત થઈ શકે છે.

વિદ્યાર્થી જ્યારે શાળા કે કોલેજમાં અભ્યાસ કરે છે ત્યારે 'થીયરી' અને 'પ્રેક્ટિકલ' એમ બંને પધ્ધતિથી તે શીખવાનો પ્રયત્ન કરતો હોય છે. શિક્ષણશાસ્ત્રીઓનું મંતવ્ય એવું છે કે 'થીયરી' કરતાં 'પ્રેક્ટિકલ' શિક્ષણપધ્ધતિ વધારે અસરકારક છે અને શીખવા માટે પણ એ પધ્ધતિ વધારે સહેલી છે. આ માત્ર મંતવ્ય નથી ઘણા બધા પ્રયોગો અને સંશોધનો પછી સાબિત પણ થઈ ચૂક્યું છે. સંબંધો થકી વ્યક્તિ જે કઈ શીખે છે એ 'પ્રેક્ટિકલ' પધ્ધતિ દ્વારા જ શીખે છે જે હંમેશા વધારે અસરકારક સાબિત થાય છે.

વ્યક્તિનું 'અવલોકન' કરીને તેના દ્વારા શીખવાની પધ્ધતિ પણ એક અસરકારક પધ્ધતિ છે. જેટલું વધારે અને જેટલું ઊંડાણથી અવલોકન એટલું જ વધારે ઊંડાણથી શીખી શકાય છે. આપણે જ્યારે આપણાં સંબંધીઓ સાથે હોઈએ છીએ ત્યારે તેઓની વાણી, વર્તન અને વ્યવહારનું અવલોકન કરવાની આપણને તક મળતી હોય છે. તેઓની હાલચાલ, તેઓની રીતભાત, તેઓની જીવનશૈલી, તેઓની બોલચાલની રીત, તેઓની દિનચર્યા, તેઓની કામ કરવાની રીત, તેઓની સંબંધો વિકસાવવાની અને નિભાવવાની કળા આ બધામાંથી ક્યારેક, કશુક શીખી શકીએ છીએ. સંબંધીઓના વાણી, વર્તન અને વ્યવહારનું અવલોકન કરી, તેનું વિશ્લેષણ કરી અને તેમાથી યોગ્ય-અયોગ્ય કે નીર-ક્ષીર જુદા કરીને જે યોગ્યા લાગે તેને જીવનની એક શીખ માની લઈને જીવનમાં ઉતારવા માટે પ્રયત્ન કરતાં રહીએ તો આપણું જીવન સમૃધ્ધ બની શકે. જ્યારે પણ આ પ્રકારની તક મળે ત્યારે તેને જતી ના કરીએ.

વ્યક્તિનો પોતાના જીવન પ્રત્યેનો અભિગમ, વ્યક્તિનો અન્ય લોકો પ્રત્યેનો અભિગમ જ તેના જીવનની ઊંચાઈ નક્કી કરતાં હોય છે. આપણાં સંબંધીઓના તેમના પોતાના જીવન પ્રત્યેના અને અન્ય લોકો પ્રત્યેના અભિગમનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીએ તો જ એ સંબંધીઓના અભિગમને સમજી શકીએ અને તેના આધારે આપણે કઈ ક શીખી શકીએ. સંબંધીઓના હકારાત્મક કે નકારાત્મક અભિગમ થકી જીવનના કેટલાક અમૂલ્ય તથ્યો તારવીને આપણાં જીવનમાં ઊતરીએ તો આપણું જીવન સાર્થક બની શકે.

વ્યક્તિના સંબંધો કોઈ પણ પ્રકારના હોય, કોઈ જ સંબંધ એવા નથી હોતા કે જેમાથી વ્યક્તિ કઈ જ ના શીખી શકે. સંબંધો કોઈપણ હોય, વ્યક્તિ એ સંબંધોમાથી જો કઈ જ ના શીખી શકે તો એ વ્યક્તિની પોતાની નિષ્ફળતા છે. પોતાની કમનસીબી છે. જે સંબંધમાથી આપણને કઈ જ શીખવા ના મળે એ સંબંધો જ એળે ગયા એવું કહી શકીએ. એ સંબંધો જ અર્થહીન સાબિત થાય છે.

કોઈપણ સંબંધનો આખરી હેતુ જીવનને દિવ્ય બનાવવાનો હોય છે. આપણાં સંબંધોમાથી કઈક ને કઈક શીખીને આપણાં જીવનને ધન્ય બનાવીએ, દિવ્ય બનાવીએ.